શ્રી શ્યામ ઝેરોક્ષ
અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈંડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070
શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.

ભલ ભલાની ખબર લેતું...

# ગુજરાત રક્ષા

RNI No. GUJGUJ/2005/21613

GUJARAT RAKSHA (Weekly, Vyara)

(સાપ્તાહિક-વ્યારા)

દુકાન ભાડે આપવાની છે
અર્નવ પોઈન્ટ
૧૫X૩૦ગ્રાઉન્ડ + ફસ્ટ ફ્લોરની
દુકાન ભાડે આપવાની છે.
સુરતીબજારમાં રોડ ટચ દુકાન
ભાડે આપવાની છે.
સંપર્ક નંબર
૯૯૧૩૪૧૮૧૮૧,૯૬૩૮૭૨૮૧૮૧

તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર : સોમવાર ❖ તા.૩૦-૦૯-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.

કાર્યાલય : ૪, મોદી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in

## 'મોદીને સત્તામાંથી હટાવીને જ મરીશ'

# ચાલુ ભાષણે સ્ટેજ પર બેભાન થયા ખડગે; ફરી ઊભા થઈને બોલ્યા- હું ૮૩ વર્ષનો છું અને આટલી જલદી નહીં મરું




કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે જમ્મુ-કાશ્મીરના જસરોટા વિધાનસભા ક્ષેત્રના બરનોટીમાં એક રેલીને સંબોધિત કરી રહ્યા હતા. પોતાના ભાષણમાં તેઓ સતત ભાજપ પર પ્રહારો કરી રહ્યા હતા. થોડીવાર બોલ્યા પછી ખડગે અચાનક બેભાન થઈ ગયા. જે બાદ તેમની સ્પીચને અધવચ્ચે અટકાવી પડી હતી. થોડીવાર આરામ કર્યા બાદ ખડગેએ સભામાં લોકોને સંબોધિત કર્યા. પણ પછી થોડીવાર પછી બોલતાં બોલતાં પાછા ચૂપ થઈ ગયા. 'મોદીને સત્તા પરથી દૂર નહીં કરું ત્યાં સુધી હું મરીશ નહીં' બીજીવાર ચૂપ થયા પછી ખડગે ફરી સ્ટેજ પર ઉભા થયા અને જોરદાર ભાષણ શરૂ કર્યું. તે પછી લગભગ બે મિનિટ સુધી ખડગેનું ભાષણ ચાલુ રહ્યું. અને સ્ટેજ છોડતી વખતે તેમણે કહ્યું કે 'હું ૮૩ વર્ષનો છે અને હજુ મરવાનો નથી.' તેમણે કહ્યું કે 'જયાં સુધી હું મોદીને સત્તા પરથી દૂર નહીં કરું ત્યાં સુધી હું મરીશ નહીં.'યુવાનોના ભવિષ્ય માટે પીએમ મોદીના આંસુ ખોટામલ્લિકાર્જુન ખડગેએ પોતાના સંબોધનમાં પીએમ મોદી પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, 'મોદીજી જમ્મુ-કાશ્મીરમાં આવીને યુવાનોના ભવિષ્ય માટે ખોટા આંસુ વહાવી રહ્યા છે. વાસ્તવિકતા એ છે કે છેલ્લા ૧૦ વર્ષમાં સમગ્ર દેશના યુવાનોને અંધકારમાં ધકેલવામાં આવ્યા છે જેના માટે ખુદ મોદીજી જવાબદાર છે. બેરોજગારીના આંકડા હમણાં જ આવ્યા છે. ૪૫ વર્ષમાં સૌથી વધુ બેરોજગારી મોદીજીનું યોગદાન છે. મોદી-શાહની વિચારસરણીમાં રોજગાર આપવાની જરૂરિયાત જ નથી, માત્ર ભાષણ આપવાની, ફોટોગ્રાફ લેવાની અને રિબન કાપવાની છે.'PM મોદીની હાર સ્પષ્ટ દેખાઈ રહી છે મલ્લિકાર્જુન ખડગેએ વધુમાં કહ્યું કે, 'જમ્મુ અને કાશ્મીરમાં સરકારી વિભાગોમાં ૬૫% જગ્યાઓ ખાલી છે. અહીંની નોકરીઓ કોન્ટ્રાક્ટ અને દૈનિક વેતનની નોકરીઓ પર બહારના લોકોને આપવામાં આવી રહી છે. મને માહિતી મળી છે કે એઈમ્સ જમ્મુમાં પણ જમ્મુના લોકોને નોકરી નથી મળી. તમે સાંભળ્યું જ હશે કે મોદીએ જમ્મુ-કાશ્મીરમાં આવ્યા પછી કેટલા જુઠ્ઠા બોલ્યા. કોંગ્રેસને કેટલી ગાળીઓ આપવામાં આવી, કઈ ભાષા બોલાઈ. આ તેમની નર્વસનેસ દર્શાવે છે કારણ કે તેમની હાર સ્પષ્ટ દેખાઈ રહી છે.

## ચૂંટણી પહેલા ભાજપમાં બળવો: બે પૂર્વ મંત્રી સહિત આઠ નેતાઓની કરવી પડી હકાલપટ્ટી



હરિયાણા વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપે બળવાખોર ઉમેદવારો સામે કડક કાર્યવાહી કરી છે. પાર્ટીએ પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થયેલા આઠ નેતાઓને રવાના કર્યા છે. પાર્ટી દ્વારા આપવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે, કે પાર્ટીના ઉમેદવારો સામે ચૂંટણી લડનારા આઠ નેતાઓને છ વર્ષ માટે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે.ભારતીય જનતા પાર્ટી દ્વારા જે આઠ નેતાઓને પાર્ટીમાંથી નિકાળવામાં આવ્યા છે, જેમાં કાર્યકારી મુખ્યમંત્રી નાયબ સૈનીની સરકારમાં મંત્રી રહેલા રણજીત સિંહ ચૌટાલાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ગણૌર વિધાનસભાથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા પૂર્વ મંત્રી બચ્ચન સિંહ આર્ય અને દેવેન્દ્ર કડિયાનને પણ પાર્ટીએ રસ્તો બતાવી દીધો છે. આ પહેલા કોંગ્રેસે પાર્ટી ઉમેદવારો સામે બળવો કરી ચૂંટણી લડી રહેલા ૨૪ બળવાખોરોને પક્ષમાં કાઢી મુકવામાં આવ્યા છે. પાર્ટીએ આ આઠ નેતાઓ પર ઢોળ્યો દોષનો ટોપલોહરિયાણા ભાજપ દ્વારા જે ૮ બળવાખોરોને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. તેમા આ ત્રણ નેતાઓ સિવાય અસંધથી જીલેરામ શર્મા, સફિડોનથી બચ્ચન સિંહ આર્ય, લાડવાથી સંદીપ ગર્ગ, ગુરુગ્રામથી નવીન ગોયલ, મહામથી રાધા અહલાવત અને હાથિનથી કેહર સિંહ રાવતનો સમાવેશ થાય છે. આ તમામ બળવાખોર નેતાઓને પાર્ટીએ ૬ વર્ષ માટે કાઢી મુક્યા છે. હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપે પહેલા ૬૭ ઉમેદવારોના નામની યાદી જાહેર કરી હતી, પરંતુ પાર્ટીએ રણજીત સિંહ ચૌટાલાને ટિકિટ નહોતી આપી. તેમની જગ્યાએ શીશપાલ કંબોજને ટિકિટ આપી હતી. જેથી નારાજ રણજીત સિંહ ચૌટાલાએ રાણીયા વિધાનસભા બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી.અપક્ષ તરીકે ચૂંટણી લડવા સામે કાર્યવાહીએ જ પ્રમાણે મન્નત ગ્રુપ હોટેલ્સના ચેરમેન દેવેન્દ્ર કડિયાન ગન્નૌર વિધાનસભા બેઠક પરથી ટિકિટની માગણી કરી રહ્યા હતા, પરંતુ પાર્ટીએ દેવેન્દ્ર કૌશિકને આ બેઠક પરથી ઉમેદવાર જાહેર કર્યા હતા. જેથી નારાજ થઈને કડિયાન ગણૌર બેઠક પરથી અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. આ ઉપરાંત મહામ મતવિસ્તાર માંથી ટિકિટ ન મળતાં નારાજ રાધા અહલાવત અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. રાધા અહલાવત ના પતિ શમશેર ખરકડા INLD માંથી ભાજપમાં જોડાયા હતા. આ વખતે તેમણે તેમની પત્ની રાધા અહલાવત માટે ટિકિટની માંગણી કરી હતી, પરંતુ પાર્ટીએ ભારતીય કબડ્ડી ટીમના ભૂતપૂર્વ કેપ્ટન દીપક હુડાને ઉમેદવાર બનાવ્યા છે. જેથી તેઓ નારાજ છે. એટલે પાર્ટીએ ચૂંટણીના એક સપ્તાહ પહેલા બળવાખોર ઉમેદવારો સામે કડક કાર્યવાહી કરી એક મેસેજ આપ્યો છે.

## 'અમને મુલ્લાઓ નહીં, ડોક્ટર-એન્જિનિયર જોઈએ':આસામના CMએ હરિયાણામાં કહ્યું

### દેશમાંથી એક-એક બાબરને ધક્કામારીને કાઢીશું; ૬૦૦ મદરેસા બંધ કર્યા, બાકીના પણ કરીશ



હરિયાણા વિધાનસભા ચૂંટણી વચ્ચે આજે સોનીપત પહોંચેલા આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું- કોંગ્રેસે દેશના ખૂણે ખૂણે નાના-નાના બાબરો'ને ઉભા કર્યા છે. આપણે આ કરવાનું છે, જેમ અયોધ્યામાં બાબર રાજનો અંત આવ્યો તેમ રામરાજની શરૂઆત થઈ. આ દેશમાં હજુ પણ નાના-નાના બાબરો ઘૂમી રહ્યા છે, આપણે બધાને આ દેશમાંથી બહાર ધકેલી દેવા પડશે. તેમણે કહ્યું- ઈટાલીમાં કોંગ્રેસની સરકાર બનશેઆસામના સીએમએ સોનીપતથી ભાજપના ઉમેદવાર નિખિલ મદાન માટે વોટ માંગતી વખતે એક જાહેર સભા દરમિયાન આ નિવેદન આપ્યું હતું. શર્માએ અહીં મીડિયા સાથે પણ વાત કરી હતી. આ દરમિયાન, હરિયાણામાં કોંગ્રેસ સરકારની રચના પહેલા સીએમ ભૂપેન્દ્ર હુડ્ડાના દાવા પર આસામના સીએમએ કહ્યું, 'હુડ્ડા જીનું સંબોધન થોડું ખોટું છે. કોંગ્રેસ ચોક્કસપણે આવી રહી છે, પરંતુ ભારતમાં નહીં, ઈટાલીમાં.ખેડૂતો અને સરપંચોને માર મારવાના રાહુલ ગાંધીના આરોપ અંગે સરમાએ કહ્યું, 'રાહુલ ગાંધીએ શું કર્યું, મને કહો? પંજાબમાં શીખ હત્યાથી લઈને આસામમાં નરસંહાર સુધી કોંગ્રેસે શું ન કર્યું? કોંગ્રેસ તો પોતાના ભારતીયોના લોહીથી સ્નાન કરે છે, આ તેમનું કામ છે.કોંગ્રેસની ગેરંટી પંચર થયેલા ટાયર જેવીકોંગ્રેસની ગેરંટી પર આસામના સીએમએ કહ્યું, 'શું તમને ૮,૫૦૦ રૂપિયાની ગેરંટી યાદ છે? શું તે કોઈ ઉપયોગની ગેરંટી હતી? બાંયધરી લઈને હિમાચલ આવ્યા હતા, તેમાંથી એક પણ કામમાં અમલમાં આવ્યું હતું? કોંગ્રેસની ગેરંટી પંચર થયેલા ટાયર જેવી છે.'તેમણે વધુમાં કહ્યું કે, 'કોંગ્રેસે કર્ણાટકમાં વચનો આપ્યા હતા, હિમાચલમાં વચનો આપ્યા હતા. તેમણે કયું વચન પાળ્યું? અમે ૨૧૦૦ કહીએ છીએ, રાતરાતમાં તેઓ ૫ હજાર કહે છે. તેઓ આવું એટલા માટે કરે છે કારણ કે સરકાર બનાવીને તેમના વચનો પાળવાનો તેમનો કોઈ ઈરાદો નથી. તેમનું એક જ કામ છે કે હું પિતા છું તેથી મારે પુત્રની સ્થાપના કરવી છે. જો હું મા છું તો મારે મારા પુત્રાને સ્થાપિત કરવો પડશે.કેજરીવાલને થોડો આરામ કરવા દોસરમાએ કહ્યું, 'તમે હવે બંધારણની વાત કેમ નથી કરતા? તમે હવે અનામતની વાત કેમ નથી કરતા? તમે પછાડવાની વાત કેમ નથી કરતા? શું તમે ૩ મહિનામાં ભૂલી ગયા છો? તેમની પાસે કંઈ નથી. સરકાર ભાજપની જ આવશે. મા-દીકરો દિલ્હીમાં, પિતા-પુત્ર હરિયાણામાં. તેમનું પેકિંગ દિલ્હીમાં કરવામાં આવ્યું છે, હવે તેમનું પેકિંગ હરિયાણામાં પણ થશે.તે જ સમયે, આસામના સીએમએ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના પડકારને સંપૂર્ણપણે ફગાવી દીધો. તેમણે કહ્યું કે કેજરીવાલ હમણાં જ તિહારથી આવ્યા છે. તેમને થોડો આરામ કરવા દો.

## બિહારમાં 'કમળ' પર 'વમળ': શાંત નથી આ પ્રશાંત – શું કહી દીધું કિશોરે ?



રાજકીય વ્યૂહરચનાકારમાંથી રાજનેતા બનેલા પ્રશાંત કિશોરે રવિવારે બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમાર પર પ્રહારો કર્યા હતા, તેમના પર ચાર "નિવૃત્ત અમલદારો" દ્વારા તેમની સરકાર ચલાવવાનો આરોપ મૂક્યો હતો.પોતાની રાજકીય પાર્ટી બનાવવાના ત્રણ દિવસ પહેલા અહીં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા કિશોરે જેડીયુ પ્રમુખ કુમારને સત્તા પરથી હટાવવાનું વચન આપ્યું હતું.'૩ જી'એક મુદ્દો બનશેપ્રશાંત કિશોર એવો પણ દાવો કર્યો હતો કે ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણી 'થ્રી એસ' એટલે કે 'દારૂ', 'સર્વે' (જમીન) અને 'સ્માર્ટ મીટર'ના મુદ્દા પર લડવામાં આવશે. કિશોરે કહ્યું કે આ મુદ્દાઓ "વર્તમાન શાસનના શબપેટીમાં અંતિમ ખીલી" સાબિત થશે. પ્રશાંત કિશોર જન સૂરજના પ્રચારમાં સતત વ્યસ્ત છે.નીતિશ પર જોરદાર હુમલોકિશોરે આરોપ લગાવ્યો કે નીતીશ કુમાર સરકાર ચાર નિવૃત્ત અમલદારો દ્વારા ચલાવવામાં આવી રહી છે. મુખ્યમંત્રી આ બાબુઓની ચુંગાલમાં છે. કુમાર કે આ અમલદારો બેમાંથી કોઈને લોકોની સમસ્યાઓની જાણ નથી. કુમાર હવે બદલાઈ ગયો છે.જન સુરજ પાર્ટીતેમની 'જન સૂરજ' પહેલ ૨ ઓક્ટોબરે રાજકીય પક્ષ બનશે. કિશોરે કહ્યું કે ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી પછી જયારે અમે બિહારમાં સરકાર બનાવીશું ત્યારે અમે એક કલાકની અંદર દારૂબંધીખતમ કરીશું. તેમણે કહ્યું કે દારૂબંધી માત્ર કાગળ પર છે.વાસ્તવિકતા એ છે કે દારૂની દુકાનો બંધ થઈ ગઈ છે, પરંતુ 'હોમ ડિલિવરી' પૂરજોશમાં ચાલી રહી છે.

# રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે મનોરંજન સહિતની એક્ટિવિટી ઉપર પ્રતિબંધ મૂકવામાં આવતા આવનાર દિવસોમાં ધંધાર્થીઓની દિવાળી બગડશે

## ફક્ત ફેસ્ટિવલો પાછળ તાયફા કરવાથી સાપુતારાનો ઉધ્ધાર થવાનો નથી,બોટિંગ, રોપ-વે સહિતની મનોરંજન એક્ટિવિટી નહી મળે તો પ્રવાસીઓ બાળકો સાથે મનોરંજન નહી માણી શકે..



**(અર્જુન જાધવ દ્વારા, વઘઈ) :** ગિરિમથક સાપુતારા આમ તો ગુજરાત કી આંખો કા તારાનાં નામથી ઓળખાય છે.પરંતુ હાલમાં તેના સિતારા બુલંદી ઉપર હોય એવુ લાગતુ નથી. ગિરિમથક સાપુતારામાં છેલ્લા થોડા માસથી મનોરંજન એક્ટિવિટી ઉપર બ્રેક લાગી ગઈ છે. જેને કારણે પ્રવાસીઓની સંખ્યામાં મોટા પ્રમાણમાં ઘટાડો થયો છે. લોકોનાં રોજગાર-ધંધા પડી ભાંગ્યા છે. સામાન્ય જીવન જીવવું પણ મુશ્કેલ છે.ત્યારે ઘરના બે છેડા જોડવાના હવે કપરા થઈ ગયા છે. મુસીબતના પહાડ વચ્ચે જીવતા અહીંના સ્થાનિકોની આ દિવાળી પહેલાં જ આશાનો સૂરજ ઊગે એવી આશા છે. પરંતુ એ બધુ સરકારની ઈચ્છા શક્તિ ઉપર જ આધાર છે.હાલમાં તહેવારોની મોસમ ચાલી રહી છે.આકરી મોંઘવારી વચ્ચે પણ લોકો ખુશમિજાજ હોવાનો દેખાડો કરી રહ્યા છે. ત્યારે કુદરતે જેને લખલૂંટ સૌંદર્ય આપ્યું છે. એવા ગિરિમથક સાપુતારાનો ચહેરો નિસ્તેજ થઈ રહ્યો છે. પ્રવાસન ઉદ્યોગ ઉપર જ જેનો મદાર છે એ સાપુતારા, નવાગામ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો તો શનિ-રવિની રજા ક્યારે આવે એની જ વાત જોઈને બેઠા હોય છે.પરંતુ હવે એ સ્થિતિ રહી નથી કે ઘરખર્ચો પણ નીકળી શકે. કેટલાક લારી-ગલ્લા બંધ કરી મહારાષ્ટ્રમાં મજૂરીકામ તરફ વળ્યા છે. જો કે, એમાંય કમોસમી વરસાદે દાટ વાળી દીધો છે. હવે દિવાળી નજીક આવતા નવાગામ સહિત આસપાસના ગ્રામજનો ધંધા-રોજગારની ગાડી ફરી પાટે ચઢે એવી આશા રાખી બેઠા છે. પરંતુ સાપુતારામાં બોટિંગ, ઝીપ લાઈન, રોપ-વે સહિત અન્ય મનોરંજન એક્ટિવિટી બંધ થઈ જતાં પ્રવાસીઓ શું કામ આવે એ પણ એક પ્રશ્ન છે. વન ડે કે ટુ ડેનું પ્લાનિંગ કરનારા પરિવારમાં બાળકો પણ હોય છે.ષજેના માટે મનોરંજન એક્ટિવિટી જરૂરી છે. એ સાવ સામાન્ય સમજી શકાય એવી બાબત છે. ફક્ત ફેસ્ટિવલ્સ પાછળ તાયફા કરવાથી સાપુતારાનો ઉધ્ધાર થવાનો નથી, બોટિંગ, રોપ-વે સહિતની મનોરંજન એક્ટિવિટી નહી મળે તો પ્રવાસીઓ બાળકો સાથે મનોરંજન નહી માણી શકે. ચોમાસામાં તો કુદરત મહેરબાન હોય તો પ્રવાસીઓ આવે, બાકીની મોસમમાં લીલોતરો ઓછી થતી જાય છે. દિવાળી પછી પ્રવાસીઓ બીજા હિલ સ્ટેશન પસંદ કરે છે. સાપુતારામાં નથી વોટર પાર્ક કે નથી બાગ-બગીચામાં રમવા માટેનાં સાધનો. મોટાં ગાર્ડન તો છે પણ સુવિધાનો સદંતર અભાવ છે. સાપુતારામાં સૌથી મોટો પોઈન્ટ ઈકો પોઈન્ટ છે. જ્યાં એડવેન્ચરથી લઈને બાળકો માટેનાં સાધનો મૂકી શકાય, પરંતુ ત્યાં આર્ટિફિશિયલ ધોધ જેવી સુવિધા પણ ઊભી કરવી જોઈએ. પરંતુ સરકાર આવી કોઈ સુવિધા ઊભી કરતી નથી. આજે આ જગ્યા ઉજ્જડ છે. બોર્ડ લગાડવાની તસદી પણ લેવાઈ નથી. ત્યારે નિસ્તેજ થઈ રહેલા સાપુતારાના ધંધાર્થીઓના ચહેરા ઉપર ચમક લાવવા માટે સરકાર જ ઈચ્છા શક્તિ દાખવે એ જરૂરી છે.શું કહે છે અહીંના સ્થાનિકઆ બાબતે રામચંદ્ર ભાઈ હડસે જણાવ્યું હતું કે સાપુતારાનો સર્પગંગા તળાવ સાપુતારાની આંખો કા તારા છે. અહીંનું નૌકા વિહાર યાદગાર સંભારણું છે. ચોમાસાની ઋતુમાં તો પ્રવાસીઓ કુદરતના ભરોસે એટલે કે કુદરતે વેરેલું સૌંદર્ય નિહાળી સાપુતારા તરફ દોટ મૂકે છે. પરંતુ ચોમાસા બાદ સાપુતારામાં એડવેન્ચર એક્ટિવિટી જ સ્થાનિકોનો રોજગારનો એક આધાર સ્થંભ છે. એક્ટિવિટી દ્વારા ૫૦૦ થી વધુ સ્થાનિક યુવાનોને રોજગારી મળે છે. તેમજ ૨૦૦૦ થી વધુ નાના મોટા ધંધાથીઓ પ્રવાસીઓ ઉપર નભે છે. વધુમાં વધુ પ્રવાસીઓ સાપુતારા આવશે તો જ સ્થાનિકોનો ધંધો રોજગાર ચાલશે આગળ દિવાળી આવી રહી છે. સ્થાનિકોની દિવાળી નહી બગડે અને પ્રવાસીઓમાં નારાજગી પણ નહીં રહે તે માટે તંત્રના નિયમો અનુસાર તમામ એડવેન્ચર એક્ટિવિટી શરૂ થવી જોઈએ હોટલ એસોસિએશના સેક્રેટરી તુકારામભાઈ કર્ડીલેએ આ બાબતે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યમાં માત્ર એક જ હિલ સ્ટેશન આવ્યું છે. ચોમાસાની ઋતુ દરમિયાન લાખોની સંખ્યામાં પ્રવાસીઓ અહીંનું વાતાવરણને નજીકથી નિહાળવા આવતા હોય છે ધુમ્મસ ભર્યું વાતાવરણ ખળખળ વહેતા ઝરણા ચો મેર હરિયાળી ઊંચા ઊંચા ડુંગરો પ્રવાસીઓનું મન મોહે છે પરંતુ ચોમાસાની ઋતુ બાદ વાતાવરણમાં ફેરફાર થતા સાપુતારા માં એડવેન્ચર એક્ટિવિટી રોપવે,બોટિંગ પેરાગ્લાઈડિંગ, ગો કાર્ટિંગ, ઝીપલાઈન વિગેરેની એડવેન્ચર એક્ટિવિટીઓ પ્રવાસીઓને આકર્ષિત કરે છે જો આ એક્ટિવિટી જ બંધ રહેશે તો સાપુતારામાં કોણ આવશે રાજ્ય સરકારે નિયમો અનુસાર આ એક્ટિવિટી શરૂ કરવી જોઈએ

# નિઝર તાલુકાના પ્રાથમિક શાળા ગામડી ગામ ખાતે આચાર્યશ્રી આંતરિક બદલી સાથે વિદાય સમારંભ યોજાયો





**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર ) :** નિઝર તાલુકાના પ્રાથમિક શાળા ગામડી ગામના મુખ્ય શિક્ષક શ્રીવિનોદભાઈ ગામીત છેલ્લા ત્રણેક વર્ષ અગાઉ શિક્ષક તરીકે ફરજ પર હાજર રહી નિષ્ઠાવાન શિક્ષકશ્રી સ્વચ્છતા સમયબદ્ધતા આત્મીયતા વગેરે ગુણોથી ખૂબ જ ઓછા ટુકા સમય દરમ્યાન વિદ્યાર્થીઓના અને ગામનાં લોકોનાં દિલમા અમીટ છાપ છોડી ગયા.ધો.૬ વિદ્યાર્થીઓ નવોદય સ્કૂલ કે આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ પરીક્ષા પાસ કરાવી ૨૫ થી ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવ્યો. એ ગામની શાળાનુ ગૌરવ વધાર્યું વિદાયમાન કાર્યક્રમમાં ઉપસ્થિત શાળાનાં શિક્ષકગણો,ગામના તમામ ગામજનો, યુવાનો, મહિલાઓ શાળાના બાળકો મોટી સંખ્યામાં હાજર રહી ભાવભીની આખે વિદાય આપવામાં આવી હતી.

# સાંસદ પ્રભુભાઈ વસાવાની ઉપસ્થિતીમાં કેવિકે વ્યારા ખાતે કૃષક સ્વર્ણ સમૃદ્ધિ અઠવાડિયાની ઉજવણીની કરવામા આવી



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા પુરૂસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા સંચાલિત કૃષિ વિજ્ઞાન કેંદ્ર, વ્યારા ખાતે નવસારી કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિ શ્રી ડૉ. ઝેડ. પી. પટેલની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ કેવિકે ખાતે તા. ૨૭/૦૯/ ૨૦૨૪ ના રોજ કૃષક સ્વર્ણ સમૃદ્ધિ અઠવાડિયાની ઉજવણી ના પૂર્ણાહુતી કાર્યક્રમ અંતર્ગત ''સંકલિત ખેતીમાં પશુપાલન નો ફાળો'' વિષય ઉપર કેવિકે તાપી અને ઈફકો-તાપીના સંયુક્ત ઉપક્રમે ખેડૂત શિબિર યોજાઈ હતી. ભારત દેશમાં પ્રથમ વાર કેવિકેની સ્થાપના ના ૫૦ વર્ષ પૂર્ણ થતાં સ્વર્ણ જયંતી ઉજવણીના ભાગ રૂપે કેવીકે દ્વારા મેળવેલ સિદ્ધિઓ તેમજ ખેડૂતલક્ષી કાર્યો વિશે ખેડૂતો જાગૃત થાય અને ખેડૂતો કેવીકેનો મહત્તમ લાભ લઈ શકે એ હેતુથી સદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮૦થી વધુ ખેડૂત બહેનોએ ભાગ લીધો હતો. પ્રભુભાઈ વસાવા, સાંસદશ્રી (બારડોલી લોકસભા) દ્વારા કેવિકે દ્વારા કરવામા આવતી વિવિધ વિસ્તરણ પ્રવૃતિઓની સરાહના કરી વૈજ્ઞાનિકોની કામગીરીને બિરદાવી હતી. વધુમાં તેમણે ખેડૂતોને વિવિધ ખેતી પદ્ધતિઓમાં અને પશુપાલનમાં સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. વધુમાં તેમણે ખેડૂતોને ઓર્ગેનિક ખેતી થકી મળતા ઉત્પાદનોને બજાર વ્યાપસ્થપાન અંગે જરૂરી સૂચનો કર્યા હતા. ખેતી ખર્ચ ઘટે અને આવક વધારવા માટે જુદા જુદા કૃષિ વ્યાવસાયો જેવા કે પશુપાલન ખાસ કરીને બકરપાલન થકી વધુ આવક મેળવવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ કૃષિલક્ષી સરકારી યોજનાઓ વિશે માહિતગાર કરી કૃષિલક્ષી વિભાગોનો મહતમ લાભ લેવા ખેડૂતોને હાંકલ કરી હતી.પ્રો. આરતી એન. સોની, વૈજ્ઞાનિક (ગૃહવિજ્ઞાન) અને વડાએ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોને આવકારી કાર્યક્રમ નું મહત્વ સમજાવ્યું હતું. વધુમાં તેમણે કૃષક સ્વર્ણ સમૃદ્ધિ અઠવાડિયા ની ઉજવણી અંતર્ગત થયેલ કાર્યક્રમો વિશે જાણકારી આપી હતી.ડો. જે. બી. બુટાણી, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન) દ્વારા પશુપાલન થકી ઓછા ખર્ચે વધુ આવક મેળવવાના મહત્વના મુદ્દાઓ ઉપર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વધુમાં તેમણે ખેડૂતોને પશુપાલનમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા પ્રેરિત કર્યા હતા. ડૉ. પી. કે. ફુલેત્રા, પશુ ચિકિતસા અધિકારી, તાપી દ્વારા પશુપાલનમાં સરકારશ્રી ની યોજનાઓ વિશે માહિતી આપી હતી. ડૉ. સંજય પરમાર, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા પશુ પોષણ અને પશુઓમા આવતા રોગોના નિવારણ માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શ્રી અંકિત પ્રજાપતિ, ફિલ્ડ ઓફિસર, તાપીએ ખેડૂતોને ખેતીમાં જરૂરી પોષક તત્વો વિશે માર્ગદર્શિત કરી ઈફ્કો કંપનીની જુદી જુદી પ્રોડક્ટસ વિશે જાણકારી આપી હતી.કાર્યક્રમના દરમિયાન કૃષિ ટેક્નોલોજીઓને દર્શાવતા કૃષિ રથને ખેડૂતો માટે પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે સ્વચ્છતા અભિયાનઅંતર્ગત ખેડૂતો સ્વચ્છતા અંગે જાગૃત થાય એ હેતુથી સ્વચ્છતા સપથ લેવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો. જે. બી. બુટાણી, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન) અને આભારવિધી કૃષિ વિસ્તરણ વિભાગના વૈજ્ઞાનિક ડૉ. અર્પિત જે. ઢોડિયા દ્વારા કરવામાં આવી હતી.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા દ્વારા શ્રીઅન્નના આરોગ્યની દ્રષ્ટિએ ફાયદાઓ, તેમાં મુલ્યવર્ધન વિષય ઉપર ગુણસદા ખાતે મહિલા શિબિર અને પોષક અનાજ વાનગી હરીફાઇ યોજાઇ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા પુરૂસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા તથા સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશન-સોનગઢ અને ઈફ્કો-તાપીના સંયુક્ત ઉપક્રમે માન.કુલપતિશ્રી ડૉ. ઝેડ. પી.પટેલની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ગુણસદા ખાતે તા. ૨૬/૦૯/૨૦૨૪ રોજ રાષ્ટ્રિય પોષણ માસ-૨૦૨૪, સ્વચ્છતા હી સેવા અને કૃષક સ્વર્ણ સમૃદ્ધિ અઠવાડિયાની ઉજવણી અંતર્ગત મહિલા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય વિષય 'પોષક અનાજ(શ્રીઅન્ન)ના પોષણ અને આરોગ્યની દ્રષ્ટિએ ફાયદાઓ અને તેમાં મુલ્યવર્ધન' હતો. સદર કાર્યક્રમ માં સોનગઢ તાલુકાની કુલ ૬૫ થી વધુ આદિવાસી મહિલાઓ એ ઉમંગભેર ભાગ લીધો હતો. વધુમાં, કાર્યક્રમની શરૂઆત માં પોષક અનાજ (Millet) વાનગી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોનગઢ-તાલુકાના વિવિધ ગામની આદિવાસી મહિલાઆે એ વિવિધ પોષક અનાજની વાનગીઓ બનાવી પ્રદર્શિત કરી હતી. વિવિધ પોષક અનાજની વાનગીઓનું મૂલ્યાંકન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.સદર કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના ગૃહવિજ્ઞાન વિભાગ ના વૈજ્ઞાનિક શ્રી પ્રો. આરતી એન. સોનીએ રાષ્ટ્રિય પોષણ માસ અને કૃષક સ્વર્ણ સમૃદ્ધિ અઠવાડિયાની ઉજવણી નું મહત્વ સમજાવી તેમણે પોષણની દ્રષ્ટિએ વિવિધ પોષક અનાજ (મિલેટ)ના ફાયદાઓ અને તેની વિવિધ મુલ્યવર્ધિત બનાવટો વિષે વિસ્તૃતમાં માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત, તેમણે સ્વચ્છતા હી સેવાની ઉજવણી અંતર્ગત સ્વચ્છતાનું માનવસ્વાસ્થ્યમાં મહત્વ વિશે સમજણ આપી હતી. કે.વિ.કે., વ્યારાના પાક સંરક્ષણ વિભાગના વૈજ્ઞાનિક ડો.એચ.આર.જાદવએ હલકાં ધાન્ય પાકોમાં રોગ-જીવાત નિયંત્રણ વિશે જાણકારી આપી હતી. ઉપરાંત, કેવિકે-વ્યારાના બાગાયત વિભાગના વૈજ્ઞાનિક ડો.ધર્મિષ્ઠા એમ. પટેલએ ન્યુટ્રીશનલ કિચન ગાર્ડનિંગ વિશે ઉપસ્થિત મહિલાઓને માર્ગદર્શન પુરું પાડ્યુ હતું. ત્યારબાદ પોષક અનાજ (મિલેટ) વાનગી હરીફાઈમાં વિજેતા પામેલ મહિલાઓને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર-વ્યારાના વૈજ્ઞાનિકશ્રીઓ અને ઈફકો-તાપીના ફિલ્ડ ઓફિસર દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે અધિકારીશ્રીઓ તથા આદિવાસી મહિલાઓએ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા શપથ લીધી હતી.શ્રી અંકિત ભાઈ પ્રજાપતિ (ઈફકો-વ્યારા) દ્વારા ઈફકોની વિવિધ પેદાશો અને નવીન પ્રકારના ખાતરો વિશે માહીતી આપવામાં આવી. સ્પર્શ સોશિયલ ફાઉન્ડેશનના શ્રી જિતેન્દ્ર પાલએ કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ કરી હતી.

# “ગંગા સમગ્ર” તાપી પ્રાંત અને સામાજિક વનીકરણ વિભાગ સોનગઢ દ્વારા સોનગઢ ખાતે સફાઇ, વૃક્ષારોપણ અને રોપા વિતરણ કાર્યક્રમ યોજાયો



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** ''ગંગા સમગ્ર'' તાપી પ્રાંત અને સામાજિક વનીકરણ વિભાગ સોનગઢ દ્વારા તા.૨૭/૦૯/ ૨૦૨૪ શુક્રવાર ના રોજ નવા બસ સ્ટેન્ડ સોનગઢ ખાતે 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૪' અભિયાન અંતર્ગત 'સ્વભાવ સ્વચ્છતા.. સંસ્કાર સ્વચ્છતા' થકી સફાઈ કાર્યક્રમ અને 'એક પેડ માઁ કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ અને રોપા વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યો.સોનગઢ નવા બસ સ્ટેન્ડ ખાતેનાં સફાઈ, વૃક્ષારોપણ અને રોપા વિતરણના કાર્યક્રમમાં સોનગઢ ડેપો મેનેજરશ્રી બલરામભાઈ પટેલ, સોનગઢ ડેપો એસ.ટી. કર્મચારીગણ, સામાજિક વનીકરણ વિભાગના પ્રતિનિધિઓ સાથે ''ગંગા સમગ્ર'' ગુજરાત પ્રાંતના મંત્રી શ્રી કિશોરભાઈ ચૌધરી,ગુજરાત પ્રાંતના કાર્યકારીણી સદસ્યશ્રી સંજયભાઈ શાહ, તાપી પ્રાંતના મહામંત્રીશ્રી અમિત ભાઈ કુલકર્ણી, પ્રાકૃતિક ખેતી આયામના અધ્યક્ષ શ્રી નટવરભાઈ ગામીત, જળ સંચય આયામના ઉપાધ્યક્ષશ્રી સાગરભાઈ વ્યાસ, સંપર્ક આયામ અધ્યક્ષશ્રી મુકેશભાઈ ચોપડે, મહામંત્રીશ્રી રાઘવેન્દ્ર શિંદે, આરતી આયામ અધ્યક્ષશ્રી લક્ષ્મણભાઈ વાળંદ, વૃક્ષારોપણ આયામના ઉપાધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઈ પાટીલ, ગુજરાત રાજ્ય પ્રકૃતિમિત્રના એવોર્ડ વિજેતા શ્રી વિજેશભાઈ ગામીત અને સામાજિક કાર્યકર શ્રી યોગેશભાઈ મરાઠા વગેરેએ ઉત્સાહ પૂર્વક સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વૃક્ષારોપણમાં બિલી, બોરસલ્લી, કદમ, જાંબુડા તથા બદામના ૧૧ વૃક્ષો રોપવામાં આવ્યા તથા ૧૦ જેટલાં રોપાઓનું વિતરણ પણ કરાયું હતું.સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાન કાર્યક્રમમાં કર્મચારી ગણ તેમજ મુસાફરો ને સ્વચ્છતા અંગે જાગૃક્તા કેળવવા અને પોતાના સ્વભાવને પણ સ્વચ્છતાનો આગ્રહી રાખી સ્વચ્છતા રૂપી સંસ્કાર અંગીકાર કરવા, કચરા નો યોગ્ય નિકાલ કરવા સાથે પર્યાવરણ જાળવણી માટે વૃક્ષારોપણની મહત્વતા સમજાવાઈ હતી.અને જાહેર જીવનમાં બને તેટલો પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવા માટે માહિતી આપવામાં આવી હતી.સદર કાર્યક્રમ માટે યથાયોગ્ય સહકાર અને વ્યવસ્થા ઉભી કરી આપવા માટે સોનગઢ ડેપો મેનેજર શ્રી તથા કર્મચારી ગણનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ગુજરાત રક્ષા

**તંત્રી સ્થાનેથી**

## શૈલજાએ ભાજપને કોડીનો કરી નાંખ્યો: શાહ-ખટ્ટરની ઓફરને ચોખ્ખી ના

હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી જીતવા માટે મરણિયા બનેલા ભાજપે છેલ્લે છેલ્લે કોંગ્રેસનાં દિગ્ગજ નેતા કુમારી સેલજાને ખેંચી લાવવાનો દાવ ખેલી જોયો પણ શૈલજાએ ભાજપને કોડીનો કરી નાંખ્યો છે. હરિયાણાનાં દિગ્ગજ દલિત નેતા શૈલજા કોંગ્રેસથી નારાજ હોવાના મીડિયાના અહેવાલોના પગલે હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રી મનોહરલાલ ખટ્ટરે શૈલજાને ભાજપમાં જોડાઈ જવાની ઓફર કરી હતી. ખટ્ટરના પગલે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પણ કોંગ્રેસે કુમારી શૈલજા અને અશોક તંવર સહિતનાં દલિત નેતાઓને હંમેશાં અપમાનિત કર્યાં હોવાનો રાગ છેડી દીધો હતો. ભાજપનો અત્યાર સુધી એવા સત્તાલાલસુ નેતાઓ સાથે જ પનારો પડયો છે કે જે ભાજપની ઓફર સાંભળીને પૂંછડી પટપટાવતા નરેન્દ્ર મોદી અને અમિત શાહની આગળપાછળ ફરવા માંડે. ભાજપને લાગ્યું કે, કુમારી શૈલજા પણ આ કેટેગરીનાં જ નેતા છે અને ભાજપની ઓફર સાંભળીને કોંગ્રેસને રામ રામ કરીને ભગવો ખેસ ધારણ કરી લેશે પણ શૈલજા જુદી માટીનાં નિકળ્યાં. શૈલજાએ ખટ્ટર અને અમિત શાહ બંનેને બરાબર સુણાવી દીધું કે, કોંગ્રેસ છોડવાનો સવાલ જ પેદા થતો નથી. મારા પિતા દલબીરસિંહનો મૃતદેહ કોંગ્રેસના તિરંગા ઝંડામાં લપેટાઈને અંતિમયાત્રા પર નિકળ્યો હતો. હું પણ મારા પિતાની જેમ જ કોંગ્રેસના તિરંગા ધ્વજમાં લપેટાઈને જ અંતિમયાત્રા પર જવાની છું. શૈલજાએ સ્વીકાર્યું કે, કોંગ્રેસમાં ઘણી સમસ્યાઓ છે પણ તેના કારણે પોતે કોંગ્રેસ છોડી દેશે એ વાતમાં માલ નથી કેમ કે પોતે આજીવન કોંગ્રેસની વિચારધારાને વળગેલાં રહ્યાં અને કોંગ્રેસમાં જ મરવાનાં છે. શૈલજાએ રાહુલ ગાંધીની હરિયાણાની જાહેર સભામાં પણ હાજરી આપીને પોતે કોંગ્રેસ સાથે જ છે એ પણ સ્પષ્ટ કરી દીધું છે. શૈલજાના નિવેદને ભાજપમાં સોપો પાડી દીધો છે કેમ કે સેલજા પર ભાજપ બહુ મોટી આશા રાખીને બેઠો હતો. હરિયાણામાં જીતવા માટે ભાજપ જાત જાતનાં તિકડમ કરી રહ્યો છે. બળાત્કારી અને ખૂની બાબા રામ રહીમને વારંવાર પેરોલ પર છોડવાથી માંડીને ગોપાલ કાંડા જેવા છાપેલા કાટલાનો સાથે લેવા સુધીના દાવ ભાજપે કર્યા પણ છતાં ભાજપ તરફી જુવાળ જ પેદા થતો નથી. બલ્કે ભાજપની જાહેર સભાઓમાં કાગડા ઉડે છે. એક જમાનામાં હરિયાણાનાં નાનાં શહેરોમાં પણ બે-બે લાખની સભા કરનારા નરેન્દ્ર મોદીની સભામાં દસ હજાર લોકોની ભીડ એકઠી કરતાં ભાજપને ફીણ પડી રહ્યું છે. મોદી અને અમિત શાહની જાહેર સભામાં સામાન્ય લોકો કરતાં પોલીસ અને સીક્યુરિટી જવાનો વધારે હોય એવો સીન છે. હરિયાણામાં લોકસભાની ચૂંટણીમાં ભાજપને ખેડૂત આંદોલન બહુ નડી ગયેલું. તેના કારણે ૨૦૧૪ અને ૨૦૧૯મા તમામ ૧૦ લોકસભા બેઠકો જીતનારા ભાજપને ૨૦૨૪માં ૫ જ બેઠકો મળી. ભાજપે ખેડૂતોના કારણે પડનારી ખોટ સરભર કરવા માયાવતીની બસપાથી માંડીને આમ આદમી પાર્ટી સુધીની બી ટીમો ઉતારી દીધી છે પણ છતાં મેળ પડતો નથી. હરિયાણાની ચૂંટણીમાં કોંગ્રેસના પ્રચારની કમાન જાટ નેતા ભૂપિન્દરસિંહ હુડ્ડાના હાથમાં છે તેથી જાટ મતબેંક કોંગ્રેસ સાથે છે. દલિત મતબેંક પર કબજો કરવા ભાજપે માયાવતીને આગળ કર્યાં પણ માયાવતી ફૂટેલી કારતૂસ છે. માયાવતીની બસપા પોતાના એક સમયના ગઢ કહેવાતા ઉત્તર પ્રદેશમાં જ પતી ગઈ છે અને કશું ઉકાળી શકતી નથી ત્યારે હરિયાણાના મતદારો તો તેની તરફ જોતા પણ નથી. કુમારી શૈલજા હરિયાણામાં દલિતોનાં સૌથી મોટાં નેતા છે અને જબ્બર પકડ ધરાવે છે. શૈલજાને ખેંચી લાવીને દલિત મતબેંકને પોતાની તરફ વાળવાની ભાજપની મુરાદ હતી પણ એ બર આવી નથી. શૈલજાએ ભાજપને હડધૂત કરી નાંખ્યો તેનાં કારણો પણ સમજવા જેવાં છે. સેલજા તેના પિતાના જમાનાથી કોંગ્રેસ સાથે જોડાયેલાં છે. આ કારણે નહેરૂ-ગાંધી ખાનદાન સાથે શૈલજાને અંગત સંબંધો છે એ તો કોંગ્રેસ નહીં છોડવા માટેનું એક કારણ છે જ પણ તેના કરતાં વધારે મહત્વનું કારણ શૈલજાનો રાજકીય અનુભવ છે. શૈલજા જમાનાનાં ખાધેલ છે અને રાજકીય પવનને ના સમજે એટલાં નાદાન નથી. કોંગ્રેસના અત્યંત ખરાબ સમયમાં પણ પાર્ટી નહીં છોડનારાં શૈલજા અત્યારે કોંગ્રેસ છોડે તો મૂરખ ગણાય. છેલ્લા એક દાયકાથી હરિયાણા પર પકડ જમાવીને બેઠેલા ભાજપનાં વળતાં પાણી થવા માંડયાં છે એ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીએ સ્પષ્ટ કરી દીધું. કોંગ્રેસ રાષ્ટ્રીય સ્તરે તો બેઠી થઈ જ રહી છે પણ હરિયાણામાં તો વધારે શક્તિશાળી બનીને ઉભરી છે. હરિયાણામાં કોંગ્રેસની સરકાર રચાય એવા ઉજળા સંજોગો છે જ્યારે ભાજપ ડૂબતું વહાણ છે એવી હવા જામેલી છે. શૈલજામાં એટલી સમજ તો છે જ કે, ભાજપને ખાતર પોતાની સોનાની જાળ પાણીમાં ના નંખાય. શૈલજા હરિયાણાના રાજકારણમાં સક્રિય થવા માગે છે એ સાચું પણ હરિયાણાનાં રાજકીય સમીકરણોને ના સમજે એટલાં નાદા પણ નથી. સેલજા વિધાનસભાની ચૂંટણી લડવા માગતાં હતાં પણ કોંગ્રેસે તેમને ટિકિટ ના આપી. તેનાં કારણો પણ સ્પષ્ટ છે. શૈલજા વરસો લગી રાષ્ટ્રીય રાજકારણમાં રહ્યાં અને બધા હોદ્દા ભોગવ્યા. બીજી તરફ હુડ્ડા હરિયાણાના રાજકારણમાં રહ્યા ને છેલ્લા ૧૦ વરસથી ભાજપ સામે લડી રહ્યા છે. આ સંજોગોમાં હરિયાણામાં કોંગ્રેસ જીતે તો પહેલો ચાન્સ હૂડ્ડાને જ મળે એ સમજાવવાની શૈલજાને જરૂર નથી.શૈલજાના પિતા કેન્દ્રીય મંત્રી હતા, લોકસભામાં સેલજાની છઠ્ઠી ટર્મહરિયાણાના રાજકારણમાં હાલમાં સૌથી ચર્ચાસ્પદ ચહેરો એવાં શૈલજા કુમારી હરિયાણામાં સૌથી પ્રભાવશાળી દલિત નેતા મનાય છે. શૈલજાના પિતા ચૌધરી દલબીરસિંહ બે વાર પંજાબ વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા અને ચાર વાર સિરસા બેઠક પરથી લોકસભામાં ચૂંટાયા હતા. ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના સમયમાં કેન્દ્રીય મંત્રી રહી ચૂકેલા દલબીરસિંહનો રાજકીય વારસો શૈલજાએ સંભાળ્યો છે.

# કૃષિ કાયદા મુદ્દે કંગનાના લવારા ભાજપને ભારે પડશે




બોલીવુડની ક્વીન કંગના રણૌત ભાજપમાં નવાં બડફા ક્વીન તરીકે ઊભરી રહ્યાં છે અને સ્મૃતિ ઈરાની કે પ્રજ્ઞા ઠાકુર જેવી બકવાસ કરી કરીને ભાજપની બુંદ બેસાડી દેનારી સન્નારીઓની ખોટ પૂરી રહ્યાં છે. હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી જીત્યા પછી કંગનાએ ઉપરાછાપરી વિવાદો સર્જીને ભાજપની હાલત કફોડી કરી નાખી છે. કંગનાના લવારાના કારણે થઈ રહેલા રાજકીય નુકસાનના કારણે ભાજપે કંગનાને ખમૈયા કરવા કહેવું પડેલું.કંગનાએ ખેડૂત આંદોલન દરમિયાન મહિલાઓ પર બળાત્કારો થયેલા અને હત્યાઓ થયેલી એવો લવારો કરતાં ક્ષોભજનક સ્થિતિમાં મુકાયેલા ભાજપે સત્તાવાર રીતે જાહેરાત કરવી પડેલી કે, કંગના કહે એ ભાજપનું સત્તાવાર વલણ નથી ને કંગનાને નીતિવિષયક બાબતો અંગે બોલવાનો અધિકાર કે સત્તા નથી તેથી કંગના પોતાની લૂલીને કાબૂમાં રાખે.કંગનાએ ભાજપની આ સલાહને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખી છે અને ફરી ખેડૂત આંદોલનનો મુદ્દો છેડી દીધો છે. હમણાં ભાજપનું સભ્ય નોંધણી અભિયાન ચાલે છે. કંગના પણ પોતાના મતવિસ્તારમાં મંડીમાં આ અભિયાન ચલાવી રહ્યાં છે. આ દરમિયાન કંગનાએ સોમવારે મંડીની નાચન એસેમ્બલીમાં કાર્યકરો સાથે બેઠકમાં એલાન કર્યું કે, ખેડૂતોને લગતા ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવામાં આવ્યા છે એ ફરીથી લાગુ કરવા જોઈએ એવું મને લાગે છે. કંગનાના કહેવા પ્રમાણે, આ કાયદા અંગે વિવાદ સર્જાયો હતો પણ વિવાદાસ્પદ હોઈ તેને લાગે છે કે ખેડૂતો માટે આ કાયદા ફાયદાકારક હોવાથી આ કાયદા પાછા આવવા જોઈએ.કંગનાએ ખેડૂતોને વણમાગી સલાહ પણ આપી કે, ખેડૂતોએ પોતે આ કાયદા પાછા લાવવાની માગ કરવી જોઈએ કે જેથી બીજા દેશોની જેમ આપણા ખેડૂતો પણ સમૃદ્ધ થાય, ખેડૂતોની સમૃદ્ધિમાં બ્રેક ન આવે. કંગનાએ હજુ બે દિવસ પહેલાં જ સોનિયા ગાંધી વિશે લવારો કરેલો કે, હિમાચલ પ્રદેશની સુખવિંદર સિંહ સુખ્ખુની સરકાર દેવું કરી કરીને કૉંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ સોનિયા ગાંધીને આપી દે છે. તેના કારણે રાજ્યની તિજોરી ખાલી થઈ ગઈ છે. કંગનાની બાલિશ ને સાવ બુદ્ધિ વિનાની વાત સાંભળીને શું કરવું એ ભાજપ હજુ વિચારે એ પહેલાં તો કંગનાએ કૃષિ કાયદા પાછા લાવવાની વાત કરીને ભાજપને પાછો બંબૂ લગાવી દીધો છે.અત્યારે હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીનો પ્રચાર પુરજોશમાં ચાલુ છે અને ભાજપ માટે સત્તા જાળવવા ખેડૂતોનો સાથ અત્યંત જરૂરી છે ત્યારે જ કંગનાએ નવો પલિતો ચાંપી દીધો છે. મોદી સરકારે બીજી ઈનિંગમાં ત્રણ કૃષિ કાયદાને સંસદમાં પાસ કરાવ્યા હતા. ખેડૂત ઉત્પાદન વેપાર અને વાણિજ્ય (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) અધિનિયમ ૨૦૨૦, ખેડૂત (સશક્તિકરણ અને સંરક્ષણ) એગ્રીમેન્ટ ઓન પ્રાઈસ એશ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસ એક્ટ ૨૦૨૦ અને આવશ્યક ચીજવસ્તુઓ (સુધારો) અધિનિયમ ૨૦૨૦ નામના આ કાયદાઓનો ખેડૂત સંગઠનો દ્વારા ખૂબ વિરોધ થયો હતો.દિલ્હીની સરહદે ખેડૂતો સવા વર્ષથી વધુ સમય સુધી ધરણાં પર બેઠા હતા અને ઉગ્ર આંદોલન ચલાવ્યું હતું. આ આંદોલનના કારણે ૨૦૨૨ના માર્ચમાં યોજાનારી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પર અસર થશે એવું લાગતાં અંતે નવેમ્બર ૨૦૨૧માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ત્રણેય કાયદાને રદ કરવાની જાહેરાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, આ કાયદાના ફાયદા અંગે પોતે ખેડૂતોને સમજાવી શક્યા નહી તેથી ખેડૂતોના હિતમાં પોતે આ કાયદા પાછા ખેંચે છે.મોદીએ પીછેહઠ કરીને ખેડૂતોનો વિરોધ શાંત કરેલો અને આ પ્રકરણને કાયમ માટે બંધ કરી દીધેલું. હવે કંગનાના લવારાના કારણે કૉંગ્રેસને તક મળી ગઈ છે. કૉંગ્રેસે જરાય વાર કર્યા વિના ટ્વિટ કરી દીધી છે કે, ખેડૂતો પર લાદવામાં આવેલા ત્રણ કાળા કાયદા પાછા લાવવા જોઈએ એવી માગ ભાજપનાં સાંસદ કંગના રનૌતે કરી છે. ખેડૂત આંદેલનમાં દેશના ૭૫૦ થી વધુ ખેડૂતો શહીદ થયા પછી મોદી સરકાર જાગી હતી અને આ કાળા કાયદા પાછા ખેંચવા પડ્યા હતા. હવે ભાજપના સાંસદો ફરીથી આ કાયદાઓને પાછા ખેંચવાની યોજના બનાવી રહ્યા છે પણ કૉંગ્રેસ ખેડૂતોની સાથે છે. નરેન્દ્ર મોદી અને તેમના સાંસદો ગમે તેટલી કૂદાકૂદ કરે, આ કાળા કાયદા ક્યારેય પાછા નહી આવે.કંગનાની પિન ખેડૂતોના આંદોલન પર કેમ ચોંટી ગઈ છે એ કહેવું મુશ્કેલ છે પણ કંગના ખેડૂત આંદોલન મુદ્દે વારંવાર લવારા કર્યા કરે એ ભાજપના હિતમાં નથી જ. આ લવારા દ્વારા કંગના ભાજપની સાંસદ થઈને કૉંગ્રેસ સહિતના વિપક્ષોને ફાયદો કરાવી રહી છે. હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં આ પ્રકારના બકવાસ ભાજપને ભારે પડી શકે છે.હરિયાણામાં ભાજપ જીતવાનો નથી એવી હવા જામેલી છે. આ કારણે ભાજપમાંથી મોટા પાયે રાજીનામાં પડી રહ્યાં છે. હરિયાણામાં ભાજપ વિરુદ્ધ હવા જામી તેનું એક કારણ એ છે કે ભાજપે ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં હરિયાણામાં તમામ ૧૦ બેઠકો જીતી હતી પણ ૨૦૨૪માં ચિત્ર બદલાઈ ગયું. ૨૦૨૪માં હરિયાણાની ૧૦ બેઠકોમાંથી ૫ બેઠકો ભાજપ જીત્યો જ્યારે ૫ બેઠકો કૉંગ્રેસે જીતી છે. આ કારણે કૉંગ્રેસ જોરદાર ફોર્મમાં છે અને ભાજપ ડાઉન છે.

# લંકામાં દિશાનાયકે પ્રમુખ, ભારત માટે નવી પનોતી

ભારત માટે હમણાં પાડોશીઓની પનોતી બેઠી લાગે છે. બાંગ્લાદેશમાં ભારતતરફી શેખ હસીનાની સરકાર ફરી આવી ત્યારે ભારત હરખાયું હતું પણ થોડા મહિનામાં તો હસીનાની સરકારને ઘરભેગી કરી દેવાઈ અને શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડીને ભાગવું પડ્યું. શેખ હસીના હમણાં ભારતમાં જ આશ્રય લઈ રહ્યાં છે અને બાંગ્લાદેશમાં નોબલ પ્રાઈઝ વિજેતા મુહમ્મદ યુનુસની સરકાર છે કે જે જરાય ભારતતરફી નથી. બાંગ્લાદેશના હિંદુઓથી માંડીને ભારત સાથેના વેપાર સુધીના બધા મુદ્દે બાંગ્લાદેશમાં કટ્ટરવાદી હાવી થઈ ગયા છે.બાંગ્લાદેશમાં શું કરવું તેની હોળી પતી નથી ત્યાં હવે શ્રીલંકામાં પણ સામ્યવાદી નેતા અનુરા કુમારા દિશાનાયકે પ્રમુખપદની ચૂંટણીમાં વિજેતા જાહેર થતાં ભારતને ફટકો પડ્યો છે. શ્રીલંકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રથમ રાઉન્ડની મતગણતરી પછી કોઈ ઉમેદવારને ૫૦ ટકાથી વધુ મત ન મળ્યા હોય બીજા તબક્કાના મતોની ગણતરી કરવી પડે છે. શ્રીલંકાના ઈતિહાસમાં પહેલા કદી એ નોબત નહોતી આવી પણ આ વખતે શ્રીલંકાના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રથમ વખત બીજા તબક્કાના મત પણ ગણવા પડ્યા. બીજા તબક્કાની મત ગણતરી પછી ચૂંટણી પંચે જનતા વિમુક્તિ પેરામુના ગઠબંધન નેશનલ પીપલ્સ પાવર ના નેતા અનુરા કુમારા દિશાનાયકેને વિજેતા જાહેર કર્યા છે. દિશાનાયકેને લગભગ ૪૨ ટકા લોકપ્રિય મત મળ્યા જ્યારે તેમના નજીકના હરીફ સાજીથ પ્રેમદાસાને માત્ર ૨૩ ટકા મક મળ્યા. વર્તમાન પ્રમુખ રાનિલ વિક્રમસિંઘે માત્ર ૧૬ ટકા મત મેળવીને ત્રીજા સ્થાને આવ્યા છે.દિશાનાયકે શ્રીલંકાના પ્રમુખ બન્યા એ ભારત માટે બધી રીતે મોંકાણના સમાચાર છે કેમ કે દિશાનાયકે ચીનના માણસ ગણાય છે. ભારત અને શ્રીલંકા નજીકના પાડોશીઓ છે અને શ્રીલંકા ભારત માટે એક મહત્ત્વપૂર્ણ પાડોશી દેશ છે. ઈન્ડો પેસિફિક ક્ષેત્રમાં ચીન પોતાનું વર્ચસ્વ જમાવવા મથી રહ્યું છે. તેને ખાળવા માટે ભારતે શ્રીલંકા સાથે તેના સંબંધો મજબૂત રાખ્યા હતા પણ દિશાનાયકેની એન્ટ્રીથી ભારતના કર્યાકારવ્યા પર પાણી ફરી વળ્યું છે. ૨૦૨૨માં શ્રીલંકા આર્થિક સંકટમાં ફસાયું પછી ભારતે લગભગ ૪૦૦ કરોડ ડોલરની મદદ શ્રીલંકાને કરી છે.આ સમયગાળા દરમિયાન લંકાનાં લોકો પાસે ખાવા માટે અનાજ નહોતું. એ વખતે ભારતમાંથી અનાજ મોકલવામાં આવ્યું હતું અને બીજી દરેક જરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. શ્રીલંકાની પ્રજા ભારતે કરેલી મદદને યાદ રાખીને ભારતતરફી રાનિલ વિક્ર્મસિંઘેને ફરી તક આપશે એવું લાગતું હતું. આર્થિક સંકટ સામે ઝઝૂમીને શ્રીલંકાને પાટા પર લાવવા માટે ઝઝૂમનારા વિક્રમસિંઘેને ફરી તક મળે તો ભારતને ફાયદો થાય પણ શ્રીલંકાની પ્રજાએ તેના બદલે સામ્યવાદી દિશાનાયકેને સત્તાની કમાન સોંપી દીધી છે.દિશાનાયકે ભારત વિરોધી છે તેમાં શંકા નથી. શ્રીલંકા સાથે ભારતમાં હિતો ચાર રીતે સંકળાયેલાં છે. પહેલાં દ્વિપક્ષી વ્યાપાર અને આર્થિક સંબંધો. બીજું હિંદ મહાસાગરમાં ચીનના વધતા વર્ચસ્વને રોકીને ભારત સામેના ખતરાને ટાળવો, ત્રીજું તમિલોની સુરક્ષા અને ચોથું કચ્ચાથીવું ટાપુ અંગે ભારતના વલણનો સ્વીકાર કરવો. દિશાનાયકે અને તેમની પાર્ટી ચારેય મુદ્દે ભારત વિરોધી વલણ ધરાવે છે.દિશાનાયકેના પક્ષે ભારત અને શ્રીલંકા વચ્ચેના વેપાર અંગેના વ્યાપક આર્થિક ભાગીદારી કરાર નો બહુ પહેલાંથી વિરોધ કર્યો છે. આ કરાર બંને દેશો વચ્ચે વધુ વેપાર અને રોકાણને પ્રોત્સાહન આપવા માટે મહત્ત્વપૂર્ણ છે પણ દિશાનાયકેની પાર્ટી ભારતના બદલે ચીન સાથે આર્થિક સંબંધો વધારે મજબૂત બનાવવાના પક્ષમાં છે. ઈન્દિરા ગાંધીએ કચ્ચાથીવું ટાપુ શ્રીલંકાને સોંપી દીધો હતો પણ ભારતે આ ટાપુ પાછો માગ્યો છે. નરેન્દ્ર મોદીએ ઈન્દિરા ગાંધી પર કાચાથીવુ ટાપુ શ્રીલંકાને આપીને ભારત સાથે દ્રોહ કર્યાનો આક્ષેપ કર્યો હતો. ભારતને હવે આ ટાપુ પાછો જોઈએ છે પણ દિશાનાયકે કચ્ચાથીવુંને મુદ્દે પણ ભારત વિરુદ્ધ વલણ ધરાવે છે.દિશાનાયકેએ કાચાથીવુ ટાપુને ભારતને પરત કરવાના કોઈપણ પ્રયાસનો વિરોધ કર્યો છે. તેમણે પહેલાં જ સાફ શબ્દોમાં કહી દીધું છે કે, કચ્ચાથીવું ભારતને સોંપવાના પ્રયત્નને કોઈ પણ કિંમતે સફળ થવા દેવાય નહીં. ભારતે આ વર્ષની શરૂઆતમાં ડિસનાયકે અને તેમની પાર્ટી જેવીપીના પ્રતિનિધિમંડળને 'સત્તાવાર મુલાકાત' માટે આમંત્રણ આપીને ચર્ચા કરી હતી. દિશાનાયકે વિદેશ સચિવ એસ. જયશંકરને મળ્યા હતા પણ ભારત પ્રત્યેનું તેમનું વલણ નકારાત્મક જ રહ્યું છે.દિશાનાયકેની જેવીપીએ જાફના સહિતના તમિલોની બહુમતી ધરાવતા તમિલોને સત્તા હસ્તાંતરણનો વિરોધ કર્યો છે. જેવીપી તો ૧૯૮૭માં તત્કાલિન ભારતીય વડા પ્રધાન રાજીવ ગાંધીની સરકાર દ્વારા કરાયેલી ભારત-શ્રીલંકા સમજૂતીનો પણ વિરોધ કરે છે. જેવીપીએ શ્રીલંકાના બંધારણના ૧૩મા સુધારાનો પણ વિરોધ કર્યો છે. આ સુધારા હેઠળ દેશના તમિલ-પ્રભુત્વ ધરાવતા જાફના સહિતના ઉત્તર-પૂર્વના વિસ્તારોમાં જમીન મહેસૂલ અને પોલીસ પર વધુ નિયંત્રણ માટે પ્રાંતીય પરિષદોની રચના કરવામાં આવી હતી.જેવીપી તો ભારતમાંથી આવેલા તમિલ મૂળના લોકો અને સરકારી કર્મચારીઓની પણ વિરૂદ્ધ છે.

# રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાના અધ્યક્ષસ્થાને વ્યારા ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

## ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કુલ ૨૭૯૩૮ લાભાર્થીઓને રૂ.૭૪૮.૨૧ કરોડની સહાયનું વિતરણ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** ગુજરાતમાં નાગરિકોને જનસુખાકારીના લાભો મળી રહે એ માટે વંચિતોના વિકાસને વરેલા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા અને રાજ્યના હાલના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાપટેલની પ્રેરણાથી ૧૪મો જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળાનો આજરોજ વ્યારા ખાતે શુભારંભ કરવામાં આવ્યો.તાપી જિલ્લાના ગરીબ કલ્યાણ મેળામાં કુલ ૨૭૯૩૮ લાભાર્થીઓને ૨૦ જેટલી યોજનાઓ દ્વારા કુલ રૂ.૭૪૮.૨૧ કરોડની માતબર રકમના ચેક તેમજ સાધન સહાય અર્પણ કરી આ મેળાનો પ્રારંભ થયો. મહાનુભાવોના હસ્તે મુખ્ય સ્ટેજ પરથી રાજયસરકારની વિવિધ લોકકલ્યાણ લક્ષી યોજનાઓ ના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાયું હતું.આ ગરીબ કલ્યાણ મેળામાં અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેલા મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, સંસદીય બાબતો પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, ગૌરવવંતા ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને આગળ ધપાવતા મુખ્યમંત્રી શ્રીના નેતૃત્વમાં ગરીબ કલ્યાણ મેળાનો જનસેવાયજ્ઞ છેવાડા ના માનવી સુધી પહોંચ્યો છે. રાજ્યના ગરીબો અને અંત્યોદય સ્વાભિમાનપૂર્વક જીવે એવી રાજ્ય સરકારની નેમને ગરીબ કલ્યાણ મેળો સાર્થક કરી રહ્યો છે. ગરીબ કલ્યાણ મેળા થકી ગરીબો આત્મનિર્ભર અને સ્વાવલંબી બન્યાં છે. આજે છેવાડાના માનવી સુધી વિકાસનો લાભ મળે છે જેના કારણે ગુજરાતની ગતિ-પ્રગતિમાં પણ વધારો થયો છે. સરકારની જનહિત લક્ષી વિવિધ યોજના ઓ હેઠળ ગરીબ લાભાર્થીઓને આવરી લઈ ગરીબોના હક્કના નાણાં સીધા તેમના જ હાથમાં આવી રહ્યાં છે. વચેટિયાઓની નાબૂદી કરવા સાથે લાભાર્થી ઓને તેમના હક્કનો લાભ સીધેસીધો તેમના બેંકખાતામાં જમા થઈ રહ્યો છે.મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે અત્યાર સુધી યોજાયેલા કુલ ૧૩ ગરીબ કલ્યાણ મેળાઓમાં ૧ કરોડ ૬૪ લાખથી વધુ લાભાર્થીઓને રૂ. ૩૬ હજાર ૮૦૦ કરોડના લાભો હાથો-હાથ મળી શક્યા છે અને આ યજ્ઞ થકી અવિરત સેવા હજુ ચાલુ જ રહેશે. તેમણે ઉજજવલા યોજના, જનધન યોજના, જનની વીમા સુરક્ષા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, જન ઔષધી કેન્દ્ર સહિતની યોજનાઓ દ્વારા લોકોને થયેલા લાભની વાત રજૂ કરી આ સરકાર ગરીબ, વંચિત, પીડિત અને શોષિતોની છે એમ જણાવી સરકારે શિક્ષણથી આરોગ્ય સુધી લોકોની લીધેલી દરકારની વાત વિસ્તૃત વર્ણવી હતી. રાજ્ય સરકારના પારદર્શી, નિર્ણાયક, સંવેદનશીલ અને પ્રગતિશીલ નિર્ણયોના કારણે સામાન્ય વર્ગ પણ સુખી અને સંપન્ન થયો છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ પ્રાસંગિક ઉદ્દબોધન કરતા જણાવ્યું હતું કે યોગ્ય નાગરિકોને મદદરૂપ થવાના આશયને પરિપૂર્ણ કરવા માટે યોજાઈ રહેલા આ ગરીબ કલ્યાણ મેળાથી રાજયના નાગરિકો આર્થિક ઉન્નતિ કરી શકશે તેમજ લાભાર્થીઓને સરકારી સહાયનો યોગ્ય ઉપયોગ કરી જીવનમાં પ્રગતિ સાધવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે આપણા જિલ્લા અને રાજયને નવી દિશા મળી રહી છે, નવી શિક્ષણ નીતિથી આવનારી પેઢીનું જીવન ધોરણ બદલશે અને તેમજ દિવ્યાંગજનોને સક્ષમ કરવા માટેની કેટલીય યોજનાઓ લાગુ પાડવામાં આવી છે.આ પ્રસંગે ઈન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસ

### આવા કલ્યાણકારી મેળાઓ યોજી આર્થિક અસમાનતાને દૂર કરવાની સરકારની નેમ છે: રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયા

અધિકારી શ્રી વી.એન. શાહ સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત સૌ મહેમાનો અને લાભાર્થીઓને તાપી જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણમેળામાં આવકાર્યા હતા.અહી જિલ્લા પંચાયતના ઓડિટોરિયમ ખાતે બનાસકાંઠાના ડીસા ખાતેથી મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાના યોજાયેલા ગરીબ કલ્યાણ મેળાનું જીવંત પ્રસારણ રજૂ કરવામાં આવ્યું હતું.આ ગરીબ કલ્યાણ મેળાના સ્થળે સમાજ સુરક્ષા કચેરી દ્વારા કેમ્પ, મહેસૂલ તથા પુરવઠા શાખા, મહિલા અને બાળ વિકાસ શાખા, લીડ બેંક, શહેરી વિકાસ, વાસ્મો, બાગાયત અને આત્મા શાખા, સામાજિક વન વિભાગ, પશુપાલન અને ખેતીવાડી શાખા તેમજ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સહિત સ્ટોલ મારફતે લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો મહા નુભાવોની ઉપસ્થિતિ માં વિતરિત કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમ બાદ પ્રદર્શિત કરાયેલા વિવિધ વિભાગો ના સ્ટોલની મહાનુભાવો દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.આ ગરીબ કલ્યાણ મેળામાં ધારાસભ્ય સર્વેશ્રીઓ મોહનભાઈ કોંકણી, શ્રી ડો. જયરામભાઈ ગામિત, શ્રી મોહનભાઈ ઢોડિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી જાલમસિંગ વસાવા, પોલીસ અધિક્ષક શ્રી રાહુલ પટેલ, નિવાસી અધિક કલેક્ટરશ્રી આર. આર. બોરડ, પ્રાંત અધિકારીશ્રીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી ખ્યાતિ પટેલ અને વિવિધ વિભાગના અધિકારી શ્રીઓ, કર્મચારીઓ, અગ્રણી શ્રીઓ, વિવિધ સંગઠનોના હોદ્દેદારો, પદાધિકારી ઓ તેમજ વિશાળ સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના ભડભૂંજા ખાતે નિ:શુલ્ક મહા આરોગ્ય કેમ્પ યોજાયો

## રાજ્યકક્ષા મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના વરદ હસ્તે ખુલ્લા મુકાયેલા આરોગ્ય કેમ્પમાં ૬૨ ગામોના ૭ હજારથી વધુ લાભાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું. સુરત,નવસારી,તાપીના ખ્યાતનામ તજજ્ઞોએ છેવાડાના ગરીબ લાભાર્થીઓને વિનામૂલ્યે અનેકવિધ સેવાઓ આપી સ્વાસ્થ્યની સુવાસ ફેલાવી





**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** - તાપી જિલ્લાના અંતરિયાળ એવા ઉચ્છલ તાલુકાના ભડભૂંજા (આશ્રમશાળા) ગામે પ્રભારી મંત્રીશ્રી અને રાજયકક્ષાના વન પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ધારાસભ્ય શ્રી ડો.જયરામ ભાઈ ગામીત,જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંગ વસાવા, ઈ. ચા.કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી. એન. શાહ,નાયબ વન સંરક્ષકશ્રી પુનિત નૈયર સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ફ્રી મેગા મેડિકલ કેમ્પ યોજાયો હતો. આર.કે. એચઆઈવી એઈડ્સ રીસર્ચ એન્ડ કેર સેન્ટર અને તાપી જિલ્લા વહીવટી તંત્ર ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા મેડિકલ કેમ્પમાં ૬૨ ગામોના ૭ હજારથી વધુ લાભાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

આરોગ્ય સેવાઓને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લી મુકતા રાજયકક્ષા મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે સમાજની તમામ સેવાઓમાં આરોગ્યની સેવાઓ સર્વશ્રેષ્ઠ છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આપણા સૌના આરોગ્યની ચિંતા કરે છે. છેવાડાના માનવી સુધી આરોગ્યની સેવાઓ પહોંચાડવા આરોગ્ય મંદિર બનાવ્યા છે. આયુષમાન કાર્ડની યોજના થકી ગંભીર બિમારીઓ સામે સુરક્ષા પુરી પાડી છે. આજે કેમ્પમાં જુદી જુદી હોસ્પિટલોના નામાંકિત ડોકટરો પોતાની સેવા આપી રહ્યા છે. જેમાં લેબોરેટરી, સ્કીન, હાર્ટ, ગાયનેકોલોજીસ્ટ, બાળરોગ, યુરોલોજીસ્ટ, ઓન્કોલોજીસ્ટ, આંખના રોગો, સિકલસેલ જેવા રોગોનું નિદાન કરી વધુ સારવારની જરૂર હોય તેવા દર્દીઓને જે તે હોસ્પિટલમાં યોજનાકિય લાભ સાથે સારવાર મળી રહેશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સેવાસેતુ શરૂ થયા છે. ત્યારે ગુજરાતમાં તાપી જિલ્લો આયુષમાન કાર્ડની યોજનામાં મોખરે છે. તાપી વહીવટી તંત્ર સહિત આરોગ્ય વિભાગ, આશાબહેનો, મેલ-ફિમેલ હેલ્થ વર્કરો અભિનંદનને પાત્ર છે.ધારાસભ્ય શ્રી ડો.જયરામ ભાઈ ગામીતે જણાવ્યું હતું કે આપણા વડાપ્રધાનશ્રીના જન્મદિવસ ની ઉજવણીના ભાગરૂપે આજે મેડિકલ કેમ્પનું આયોજન કર્યું છે. છેવાડાના માનવી સુધી આરોગ્યની સેવાઓ કેવી રીતે પહોંચે તેની ચિંતા સરકાર કરે છે.કોરોના સમયમાં આરોગ્ય વિભાગની કામગીરીની નોંધ લેવાઈ છે. આપણે સ્વસ્થ રહીંશું તો સમાજ, ગામ, રાજય અને આપણો દેશ સ્વસ્થ રહેશે અને આપણે વિકસિત ભારત બનાવવાનું વડાપ્રધાનશ્રીના સ્વપ્નને સાકાર કરીશું. ઈ. ચા. કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી વી.એન.શાહે જણાવ્યું હતું કે આરોગ્યની સાથે પર્યાવરણની પણ ચિંતા કરવી જોઈએ. આપણે સૌએ એક પેડ માં કે નામ અંતર્ગત વધુ વૃક્ષો વાવીએ તેનું જતન કરીએ. વધુમાં એસ્પિરેશનલ બ્લોક એવા નિઝર અને કુકરમુંડામાં પણ આરોગ્યના કેમ્પો યોજાય અને ઈન્સ્પરેશનલ બ્લોકની દિવાદાંડી બનવા અપેક્ષા વ્યક્ત કરી હતી.છેવાડાના લાભાર્થીઓ


### સમાજની તમામ સેવાઓ કરતા આરોગ્યની સેવાઓ સર્વશ્રેષ્ઠ: મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ

માટે તેજસ હોસ્પિટલ માંડવી દ્વારા ૭ હજાર ચશ્માનું વિતરણ, દિવ્યાંગો માટે ૧૦૦૦ વ્હીલચેર, સિકલ સેલના દર્દીઓ માટે ૫૦૭ કીટ, કુપોષિતો માટે ૬૫૦૦ કીટનું વિતરણ મહાનુભાવોના હસ્તે કરાયું હતું. વનવિભાગ દ્વારા એફઆરએના ૧૨૧ લાભાર્થી ઓને પંપસેટ અર્પણ કરાયા હતા. જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.પાઉલ વસાવાએ સૌ મહાનુભાવોને આવકારતા કહ્યું હતું કે આરોગ્ય વિષયક સેવાઓ છેવાડાના માનવી સુધી મળી રહે તે માટે સંસ્થા અને વહીવટી તંત્ર ના સહયોગથી કેમ્પનું આયોજન કરાયુ છે. આશ્રમ શાળાની બાલિકાઓએ પ્રાર્થના, સ્વાગત ગીત રજુ કર્યા હતા. આર.કે. એચઆઈવી એઈડ્સ રીસર્ચ સંસ્થાના પ્રમુખશ્રી ડો.ધર્મેન્દ્ર સિંગે આભાર દર્શન કરતા જણાવ્યું હતું કે આ સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૨૯ હજાર જેટલા કેમ્પ કરવામાં આવ્યા છે. જેમાં ૩ કરોડ ૫૫ લાખ દર્દીઓએ લાભ લીધો છે.૯૬ હજાર જેટલી સર્જરી કરવામાં આવી છે. ૨.૮૫ લાખ ટીબીના દર્દીઓને ટીબીમુક્ત કર્યા છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબીમુક્ત ભારત બનાવવાનું અમારુ મિશન છે.મેડિકલના આ કેમ્પમાં યુનિવર્સલ હોસ્પિટલ, બેન્કર્સ હોસ્પિટલ,સુરત, ,સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ, ઉચ્છલ, ઓરા ક્લિનિક, મોદી ચિલ્ડ્રન હોસ્પિટલ, જનક સ્મારક હોસ્પિટલ,વ્યારા, સી. એચ. સી. વાલોડ, નિરાલી હોસ્પિટલ નવસારીના તજજ્ઞ ડોકટરો, ઉચ્છલ તાલુકા પ્રમુખ શ્રીમતિ મંજુલાબેન વળવી, માધુભાઈ કથીરીયા, મયંક ભાઈ જોશી, રાકેશભાઈ કાચવાલા, ડો. નિલેશ ચૌધરી, પદાધિકારી ઓ મસુદાબેન નાઈક, કુસુમબેન વસાવા, જૈનાબેન વસાવા સહિત તાપી જિલ્લા આરોગ્ય વિભાગના ડોકટરો, આરોગ્ય સ્ટાફ સરપંચશ્રીઓ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓએ ઉપસ્થિત રહી મેડિકલ કેમ્પને સફળ બનાવ્યો હતો.

## સસરા અને વહુના ઝઘડામાં સુખદ સમાધાન કરાવતી ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇન ટીમ તાપી

**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** આજરોજ સોનગઢ તાલુકાના અંતરિયાળ ગામ માંથી ૧૮૧ હેલ્પલાઈન પર પીડિત મહિલા દ્વારા ફોન કરી જણાવવામાં આવેલ કે તેમના સસરા રોજ તેમની સાથે ઝઘડો કરી માનસિક ત્રાસ આપે છે જેથી સમજાવવા માટે મદદની જરૂર છે. તાત્કાલિક ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન ટીમ જણાવેલ સરનામે પહોંચી જઈ મહિલાની સમસ્યા વિશે વિગતે જાણકરી મેળવતા જાણવા મળેલ કે, પીડીતાને હાલ સાત વર્ષનો એક દીકરો છે ઘરમાં એકનું એક બાળક હોવાથી એ સાસુ સસરાને લાડકું છે જેના કારણે ઘરમાં વારંવાર ઝઘડા થાય છે. નાનું બાળક હોવાથી વારંવાર જીદ કરે છે અને કોઈ પણ વાત સમજતું નથી. મોબાઈલમાં જોયા કરે છે, મોબાઈલ ના આપે તો ચીજ વસ્તુઓ ને નુકસાન કરેલ છે અને ભણવામાં ધ્યાન આપતું નથી. જેથી પીડીતા તેને સમજાવવા માટે પ્રયત્ન કરે છે અને ઊંચા અવાજે બોલે છે તેમજ ક્યારેક નાનુ બાળક ના સમજતા તેને શિક્ષા આપે છે, તો પીડિતાના સસરા ને ગમતું નથી અને તે પીડિતા સાથે ઝઘડો કરે છે ગાળા ગાળ કરે છે અને રોજ કોઈને કાંઈ બાબતે બોલીને સસરા પીડિતા ને માનસિક ત્રાસ આપે છે. આમ તમામ હકીકત જાણી સમા પક્ષ પાસેથી પણ તમામ હકીકત જાણી એ બંને પક્ષનું અસરકારક કાઉન્સિલિંગ કરી બંને પક્ષને બાળક નાનું છે અને તેને વ્યવસ્થિત સંસ્કાર આપવા તેમજ અભ્યાસમાં ધ્યાન આપે તે માટે અલગ અલગ પ્રવૃત્તિઓ માતા પિતા અને વડીલો દ્વારા કરાવવી જેથી મોબાઈલ નો ઉપયોગ ઓછો કરે અલગ અલગ રમતો રમાડવી તેમજ ઘરમાં એકબીજા સાથે ઝઘડા ન કરવા. જે વિશે સમજ આપી બંને પક્ષે સમજાવી સ્થળ પર સમાધાન કરેલ છે અને જરૂર જણાય તો ફરી ૧૮૧ હેલ્પલાઇન પર ફોન કરવા માર્ગદર્શન આપેલ છે.

## તાપી યુથ કોંગ્રેસ દ્વારા દાહોદમાં ૬ વર્ષની બાળકીને અડપલાં કરી હત્યા કરનાર આચાર્યને ફાંસીની સજા આપવાની માંગ સાથે આવેદનપત્ર સોંપાયું



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** તાપી જીલ્લા યુથ કોંગ્રેસ દ્વારા આજરોજ ઉચ્છલ મામલતદાર ને આવેદનપત્ર સોંપી માંગણી કરવામા આવી છે કે દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાની તોરણી પ્રાથમિક શાળામાં પ્રથમ ધોરણમાં અભ્યાસ કરતી ૬ વર્ષીય બાળકીની સાથે ગત ૯મી સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ શાળાના આચાર્ય દ્વારા પોતાની જ કારમાં શારીરિક અડપલાં બાદ બાળકીનું મોઢું દબાવી સ્વાસ રૂંધી મોતને ઘાટ ઉતારી દીધી હોવાની ઘટના સામે આવેલ છે. ૬ વર્ષીય બાળકી સાથે શારીરિક અડપલાં બાદ નિર્મમ હત્યા કરનાર આરોપીને કડકમાં કડક સજા કરવામાં આવે. સમસ્ત શિક્ષણ જગતને શરમાવે એવા નરાધમનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં સુનાવણી થાય અને અમાનવીય ગુન્હો આચરનાર આરોપી ગોવિંદ નટને ફાસીની સજા કરવામાં આવે તેવી અમારી સરકારશ્રી પાસે માંગ છે.

## CISF કેએપીએસ કાકરાપાર એકમે NCC અને NSSના સંકલનમાં યુવાનોમાં ફાયર સેફ્ટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે જાગૃતિ લાવવા તાલીમ અપાઈ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** ડાયરેક્ટોરેટ જનરલ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (ગૃહ મંત્રાલય) ની સૂચના મુજબ આજે તા. ૨૫મીનાં રોજ CISF કે.એ.પી.એસ. કાકરાપાર એકમના ફાયર શાખાના ફોર્સ મેમ્બર્સ દ્વારા ફાયર સેફ્ટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગે યુવાનોમાં જાગૃતિ લાવવા માટે ફાયર સેફ્ટી અવેરનેસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ઈવેક્યુએશન ડ્રીલ હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન શ્રીમતી આર.પી. ચૌહાણ આર્ટસ અને શ્રીમતી જે.કે. શાહ અને શ્રી કે.ડી. શાહ કોમર્સ કોલેજ અને કે.આર.પી. દરજી ઈન્ડો-અમેરિકન ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ વ્યારા ખાતે કરવામાં આવ્યું હતું.જે દરમિયાન ડેપ્યુટી. કમાન્ડન્ટ/ ફાયર શ્રી બી.પી.-યાદવ, ઈન્સ્પેક્ટર/ ફાયર અરશદ અલી ખાન અને તેમની સમગ્ર ટીમે ઉપરોક્ત વિષય પર NCC કેડેટ્સ, NSS કેડેટ્સ, અન્ય વિદ્યાર્થીઓ અને કોલેજના શિક્ષકોને તાલીમ આપી હતી. CISF યુનિટના એપીએસ કાકરાપારનાં કમાન્ડન્ટશ્રી ભૈરોન પ્રતાપ સિંહ દ્વારા કાર્યક્રમના આયોજનને મંજૂરી આપવામાં આવી હતી. તાલીમમાં સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આ સંદર્ભે કોલેજના પ્રિન્સીપાલ ડો. હિતેન્દ્રસિંહ વાય. ખારવાસીયા એ CISF નાં KAPS કાકરાપાર એકમની ઉત્કૃષ્ટ રીતે તાલીમ આપતા કાર્યક્રમને બિરદાવ્યો હતો અને કાર્યક્રમના આયોજન બદલ આભાર માન્યો હતો. કોલેજમાં આ પ્રકારનો તાલીમ કાર્યક્રમ અગાઉ ક્યારેય યોજાયો ન હતો. તાલીમ દરમિયાન વિવિધ પ્રકારની આફતોમાં પોતાને બચાવવા અને બીજાને બચાવવાની યુક્તિઓ શીખવવા માં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ વિવિધ પરિસ્થિતિઓમાં ટકી રહે તે માટે ઈવેક્યુએશન ડ્રીલ પણ હાથ ધરવામાં આવી હતી. આગામી સમયમાં અન્ય શાળાઓમાં પણ ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે.